# પ્રચુરતા

## ‘આનંદમય જન્મદિવસ’ માટે
## ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ દ્વારા પસંદ કરાયેલો એક સદ્‌ગુણ

### સિદ્ધયોગ ધ્યાન શિક્ષક યાઉ મિલર દ્વારા લિખિત વ્યાખ્યા

પ્રચુરતાનો સદ્‌ગુણ યાદ અપાવે છે, પૃથ્વીની પ્રચુરતાની — વર્ષા અને સૂર્યની ભેટ, આપણા ગ્રહ પર અસંખ્ય વનસ્પતિઓ અને જીવજંતુઓના જીવનની ભેટ અને એ બધાં અરબો નક્ષત્ર અને આકાશગંગાઓ જે રાત્રે આકાશને પ્રકાશિત કરે છે.

ઋગ્વેદના એક સ્તોત્ર, ‘શ્રીસૂક્તમ્’માં આ બૃહત દિવ્ય શક્તિની સ્તુતિ કરવામાં આવી છે. તેના એક સૂક્તમાં કહેવામાં આવ્યું છે :

> *ચન્દ્રાં પ્રભાસાં યશસા જ્વલન્તીં શ્રિયં લોકે દેવજુષ્ટામુદારામ્*
> *તાં પદ્મનેમીમ શરણમહં પ્રપદ્યેઽલક્ષ્મીર્મે નશ્યતાં ત્વાં વૃણે ।। ૫ ।।*
>
> હું ‘શ્રી’ની શરણ લઉં છું,
> જેઓ જગતમાં પ્રચુરતાના રૂપે પ્રગટ છે.
> હું તેમની શરણ લઉં છું જેઓ કમળનાં પુષ્પોથી વિભૂષિત છે,
> તે જેઓ ચંદ્રમાની સુંદર આભાના રૂપે પ્રગટ છે,
> તે જેમની સ્તુતિ બધાં દેવતાઓ કરે છે.
> હે ‘શ્રી’, દુર્ભાગ્યને દૂર કરી દો![1]

‘શ્રી’ માટેની પોતાની આરાધનામાં વૈદિક ઋષિઓએ વિશ્વમાં પ્રચુરતાના સ્રોતને ઓળખ્યું અને તેનું સન્માન કર્યું.

પ્રચુરતા માટે અંગ્રેજી શબ્દ ‘અબન્ડન્સ’, એ લેટિન ભાષાના શબ્દ ‘ઍબન્ડેન્શિયા’ પરથી આવે છે, જેનો અર્થ છે, પરિપૂર્ણતા અને સમૃદ્ધિ અથવા વિપુલતા. સંસ્કૃતમાં પ્રચુરતાને ‘શ્રી’ શબ્દથી દર્શાવવામાં આવે છે જે પવિત્રતા, સૌંદર્ય, કૃપા અને માંગલ્યનું સૂચક છે. ‘શ્રી’ મહાલક્ષ્મીનું એક નામ પણ છે જેઓ પ્રચુરતાનાં દેવી છે અને એ દિવ્ય શક્તિનું એક રૂપ છે જે વિશ્વનું સર્જન કરે છે અને તેમાં વ્યાપ્ત છે.

પોતાના પુસ્તક *Enthusiasm* (ઇનથ્યૂઝિઍઝમ)માં શ્રીગુરુમાઈ કહે છે :

> જ્યારે તમે તમારી સંપૂર્ણ સત્તાને તેના પોતાના સૂક્ષ્મ સ્પંદનમાં સ્થિર થવા દો છો, તો તમે ભગવાનની શક્તિની અનુભૂતિ કરી શકો છો. એ ‘શ્રી’ છે. એ પરિપૂર્ણ છે માંગલ્યથી, સૌંદર્યથી,

> પવિત્રતાથી, પ્રચુરતાથી, ગરિમાથી, શાલીનતાથી અને સૌભાગ્યથી. એ જાણી લો કે આ બધું તમારી અંદર વિદ્યમાન છે.[2]

'શ્રી' સાથે જોડાયેલા પ્રચુરતાના ગુણ આપણી પોતાની સત્તામાં વિદ્યમાન છે; સાચે જ, આપણે બ્રહ્માંડની વ્યાપકતાને આપણા જ હૃદયમાં અનુભવ કરી શકીએ છીએ. જેમજેમ આપણે આ અનુભવ તરફ વારંવાર ફરીએ છીએ અને પોતાને યાદ અપાવીએ છીએ કે 'શ્રી' આપણા સ્વરૂપમાં નિહિત છે, તેમતેમ આપણા જીવનમાં પ્રચુરતાનો સ્થાયી બોધ વધુ ને વધુ વિકસિત થતો જાય છે.

પ્રચુરતાના સદ્‌ગુણને વિકસિત કરવાની એક રીત જે મને વિશેષરૂપે પ્રભાવશાળી લાગે છે તે છે, મારા જીવનમાં મને જે આશીર્વાદ પ્રાપ્ત થયા છે, તેની અભિસ્વીકૃતિ કરવી, જેમકે : જીવનને રૂપાંતરિત કરનારી ભેટ — શક્તિપાત દીક્ષા, સિદ્ધયોગ ગુરુઓનું માર્ગદર્શન, મારો પરિવાર અને મારા મિત્રો, સારું સ્વાસ્થ્ય તેમજ પ્રાકૃતિક જગતની સુંદરતા જે મને અને દરેકને ઘેરી રાખે છે.

પોતાની આધ્યાત્મિક આત્મકથા, 'ચિત્‌શક્તિ વિલાસ'માં બાબા મુક્તાનંદ દિવ્ય આત્માની પ્રચુરતાનું વર્ણન કરતા કહે છે :

> શું ગ્રહણ કરવા દોડે છે? સંસારમાં તારા સિવાય અન્ય કંઈ નથી. વિશ્વભરમાં તું જ વ્યાપ્ત છે, તું જ સિદ્ધ અક્ષય તત્ત્વ છે. તારામાં અને જગતમાં ભેદ નથી. ન કંઈ દ્વૈત છે. તું જ અદ્વૈતરૂપે આખા વિશ્વમાં ભરેલો છે. તું જ પ્રશાંત, અવ્યય, નિર્મળ, ચિત્‌પ્રકાશ કુંડલિની છે.[3]

અસંખ્ય રૂપાકારોથી અલંકૃત જગતની પ્રચુરતા ચિતિના પ્રકાશને પ્રતિબિંબિત કરે છે, જે પ્રત્યેક પ્રાણીના હૃદયમાં વિદ્યમાન છે. વિશ્વની અપાર પ્રચુરતાને સાચા અર્થમાં ગ્રહણ કરવા માટે આપણે અંતરમાં વળવું જ પડશે.

> હું 'શ્રી'ની શરણ લઉં છું,
> જેઓ જગતમાં પ્રચુરતાના રૂપે પ્રગટ છે.[4]

### પ્રચુરતા માટે અભિકથન

હું 'શ્રી'ની શરણ લઉં છું, જેઓ જગતમાં પ્રચુરતાના રૂપે પ્રગટ છે.

(અભિકથન : એ કથન જેનું જાગરૂકતાથી વારંવાર ઉચ્ચારણ કરવામાં આવે છે જેથી તે આપણી ચેતનામાં ફેલાઈ જાય.)

[1] શ્રીસૂક્તમ્, કોન્સટાન્ટિના રોડ્ઝ દ્વારા લિખિત *Invoking Lakshmi, The Goddess of Wealth in Song and Ceremony* (એલ્બની, ન્યૂયૉર્ક : સ્ટેટ યુનિવર્સિટી ઓફ ન્યૂયોર્ક પ્રેસ, ૨૦૧૦), પૃ. ૧૨૧-૧૨૨.

[2] ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ દ્વારા લિખિત પુસ્તક *Enthusiasm* (સાઉથ ફૉલ્સબર્ગ, ન્યૂયોર્ક : એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન, ૧૯૯૭), પૃ. ૧૨.

[3] સ્વામી મુક્તાનંદ, *ચિત્શક્તિ વિલાસ* (ચિત્શક્તિ પબ્લિકેશન્સ, ૨૦૧૩), પૃ. ૨૨૬.

[4] શ્રીસૂક્તમ્, કોન્સટાન્ટિના રોડ્ઝ દ્વારા લિખિત *Invoking Lakshmi, The Goddess of Wealth in Song and Ceremony* (એલ્બની, ન્યૂયૉર્ક : સની પ્રેસ, ૨૦૧૦), પૃ. ૧૨૧.

© ૨૦૨૦ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.